જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૦૪/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૮૪૦/૧૭**

### I.P.L.20-ટવેન્ટી ક્રિકેટ મેચ ઉપર સટ્ટો રમતા ઇસમોનેઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ઇ.પોલીસ કમિશનરશ્રી જે.કે.ભટ્ટસાહેબનાઓ તથા નાયબ પોલીસ કમિશનરશ્રી દીપનભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટીઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમના પો.ઇન્સ શ્રી કે.જી.ચૌધરી ના માર્ગદર્શન હેઠળ મળેલ બાતમી આધારે આરોપીઓ (1) શાર્દુલ કર્મવિર ચંદ્રત્રેય (મરાઠી) ઉ.વ.42 રહે, શ્યામ સાંઇ-1, ભાડુઆત નગર, જૈન પાર્ક સોસાયટી, ઘોડાસર, અમદાવાદ (2) કમલ મહાવીરકુમાર જૈન ઉ.વ.44 રહે, સમ્રાટનગર સેકટર-6 ઘર નં.76 ઇસનપુર, અમદાવાદનાઓ ઇસનપુર ચાર રસ્તા પાસે, સમ્રાટનગર સેકટર-2, મકાન નં.73 અમદાવાદવાળા મકાનમાં કોલકોતા ખાતે રમાતી આઇ.પી.એલ. 20-ટવેન્ટી નાઇટ ક્રિકેટ મેચમાં કે.કે.આર. તથા ગુજરાત લાયન્સ વચ્ચે રમાતી મેચ ટી.વી. ઉપર મેચ નિહાળી તેમજ બોલતી લાઇન ઉપરથી ક્રિકેટ મેચના લાઇવ ભાવ જાણી ગ્રાહકો સાથે નાણાંની હારજીતના દાવ લગાવી તે લગાવેલ તથા ખાઘેલ સોદાની નોંધ લેપટોપમાં કરી મોબાઇલ ફોન નંગ-9, ટી.વી.સેટ-1. લેપટોપ નંગ-1 તથા અંગઝડતીના નાણાં વિગેરે મળી કુલ કિમત રૂ.45800/ ની મતા સાથે પકડાઇ જતાં તેઓ વિરૂધ્ધ જુગારધારા મુજબ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.






Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## સાબરમતી પોલીસ સ્ટેશનઃ-

મહે.પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર નાઓની વોન્ટેડ અને નાસતા ફરતા આરોપીઓ પકડવાની સુચના આધારે સંયુકત પોલીસ કમિ.શ્રી સેકટર-1 સાહેબશ્રી નાયબ પોલીસ કમિ.શ્રી ઝોન-2 સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિ.શ્રી એલ ડીવી અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન આધારે સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં-183/15 ઇ.પી.કો. કલમ-363,366,376,114 તથા પોક્સો એકટ-2012ની કલમ 4,5(જે) ii તથા (એલ),6 તથા 17 મુજબના ગુનામાં નાસતા ફરતા આરોપીઓ (1) ધર્મારામ કીસ્તુરચંદ રાજબોરા ઉવ-32 ધંધો-મજુરીકામ રહેઃગામ બિચાવા બાવરીવાસ થાના ખુનખુના તા.ડીડવાણા જીઃ નાગોર રાજસ્થાન તથા (2) ખેમારામ ગિરધારી બાવરી ઉ.વ-63 ધંધો- ખેતી કામ રહે-ગામ સબલપુરા ગૌશાળાની પાસે ,બાવરીઓ કી ધાણી , તા- કુચામણ સીટી, જિલ્લો- નાગોર રાજસ્થાન નાઓને બાતમી હકીકત આધારે રાજસ્થાન ખાતેથી શોધી કાઢી સદર ગુનાના કામે તા.22/04/2017 ના ક.13/30 વાગે પકડી અટક કરવામા આવેલ છે તા.22/4/2017

## - : દાણીલીમડા પોલીસ સ્ટેશન :-

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી " કે " વિભાગનાઓ તરફથી અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની દારૂ/જુગાર તેમજ મિલ્કત સંબંધી બનેલ ગુનાઓ શોધી કાઢવા સુચના મળતા જે અન્વયે સિનિયર પોલીસ ઇન્સપેકટરશ્રી આર.કે.અમીનનાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

(૧) વેજલપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૮૭/૨૦૧૭ ઇપીકો કલમ-૩૦૨,૩૨૩,૨૯૪(ખ) વિગેરે મુજબથી દાખલ થયેલ હોય જે ગુનાના પકડવાના બાકી આરોપીઓ (૧) પ્રશાંત શ્રીરામકુમાર પટેલ (નિરંજન) ઉ.વ.૨૩ રહે : યોગેશ્વરનગર વિ-૨ ગુપ્તાનગર ખાડામાં ગુપ્તાનગર દાણીલીમડા અમદાવાદ શહેર (૨) રાજેશભાઇ નારાસિંગ રાજપુત ઉ.વ.૨૩ રહે : સી/૨૩૨ ભાવના ટેનામેન્ટ વાસણા બેરેજ રોડ વાસણા અમદાવાદ શહેરનાઓને તા.૨૧/૦૪/૨૦૧૭ ના રોજ સી.આર.પી.સી કલમ ૪૧ (૧) એ મુજબ પકડી લઇ ખુન કેસ જેવા ગંભીર ગુનાના આરોપીઓને પકડી લઇ સદરી આરોપીઓને વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે.

(૨) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" વિભાગ અમદાવાદ શહેર તથા સિનિયર પોલીસ ઇન્સ.સાહેબની સુચના હેઠળ એસીપી " કે " વિભાગ સ્કોડના સ્ટાફના અ.હેડ.કોન્સ વિજયકુમાર રણછોડભાઇ તેમજ બીજા સ્ટાફના માણસો પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ દરમ્યાન પો.કો.ઇન્દ્રજીતસિંહ ભાવુભા તથા પો.કો.વિરભદ્રસિંહ રાજેન્દ્રસિંહનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપી આબિદ સ/ઓફ કાદીરએહમદ સમીરએહમદ શેખ ઉ.વ-૧૮ રહે-બ્લોક નં-૨૦/ સંતોષનગર કવાટર્સ દાણીલીમડા અમદાવાદ શહેરનાને ચોરી કરી મેળવેલ <u>એવીયેટર ગાડી નં- GJ-7-A-786</u> <u>કિ,રુ-૩૦,૦૦૦/-</u> ની મતાની સાથે પકડી લઇ <u>રખિયાલ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૩૦/૧૭ ઇપીકો કલમ-૩૭૯</u> ના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.તેમજ આરોપી (૨) ઇરશાદ ઉર્ફે બાપુ સ/ઓફ યાસીનભાઇ કરીમભાઇ મંસુરી ઉ.વ-૧૯ રહે-બ્લોક નં-૨૭/૮૩૭ સંતોષનગર કવાટર્સ દાણીલીમડા અમદાવાદ શહેરનાને ચોરી કરેલ મેળવેલ <u>લાલ તથા કાળા કલરની નંબર પ્લેટ વગરની પ્લસર મો.સા કિ.રુ-૩૦,૦૦૦/-</u> ની મતાની સાથે પકડી લઇ <u>સેટેલાઇટ પો.સ્ટે.ફસ્ટ ગુ.ર.નં.૩૮/૧૭ ઇપીકો કલમ-૩૭૯</u> ના ગુનાનો ભેદ ઉકેલી કાઢેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## માધવપુરા પોલીસ સ્ટેશનઃ

મહે.પોલીસ કમિશનરશ્રી અમદાવાદ શહેર નાઓની વોન્ટેડ અને નાસતા-ફરતા આરોપીઓ પકડવાની સુચના આધારે સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૨ સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી સાહેબશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન આધારે માધવપુરા પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.ર.નં-૧૨૯/૧૫ ધી ઈપીકો કલમ ૩૦૭, ૩૬૫, ૩૨૪, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુન્હામાં નાસતો-ફરતો આરોપી નામે અરવિંદ ગમારામ સોલંકી(દરજી) ઉવ.૨૬ રહે. ગામ: માલવાળા, તા: સાંચોર, જી: ઝાલોર(રાજસ્થાન) નાને બાતમી હકીકત આધારે રાજસ્થાન ખાતેથી શોધી કાઢી સદર ગુન્હાના કામે તા.૨૧/૪/૧૭ ના કલાક ૨૩.૪૫ વાગે પકડી અટક કરવામાં આવેલ છે. તા.૨૨/૪/૧૭.

---

મેઘાણીનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુ આયોજન કરી મેઘાણીનગર વિસ્તારની સ્કૂલના બાળકોને તેમજ નાગરીકોને સુરક્ષા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.



નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)